Phulchhab(Gujarati)

EDI

September 8, 2015
Page No. 3

# ગ્લોબલ એન્ટરપ્રિનિયોરશીપ મોનિટર ઇન્ડિયા વેબસાઇટ લોન્ચ કરતા મુખ્યપ્રધાન

ગાંધીનગર તા.૭: મુખ્યપ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલે ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન-ઇડીઆઇની ગુજરાત શાખા દ્વારા તૈયાર કરાયેલી ગ્લોબલ એન્ટરપ્રિનિયોરશીપ મોનિટર ઇન્ડિયા વેબસાઇટનું લોન્ચીંગ કર્યું હતું. આ વેબસાઇટમાં સંસ્થાની મધ્યપ્રદેશ અને જમ્મુ-કાશ્મીર શાખાનાં પણ સહયોગ પ્રાપ્ત થયાં છે. આ વેબસાઇટના માધ્યમથી ટોટલ એન્ટરપ્રિનિયોરશીપ ઇન્ડક્ષ તહેત ૧૮ થી ૬૪ વર્ષની વયજૂથના ઉદ્યોગ સાહસિકોનો ડેટાબેઝ તથા સંપૂર્ણ વિગતો ઓનલાઇન મેળવી શકાશે.

વિશ્વના ૭૨ જેટલા દેશોના યુવા ઉદ્યોગ સાહસિકો, માળખાકીય સવલતો તથા ઉદ્યમિતા ક્ષેત્રની તકોના વિસ્તૃત માહિતી અને વિશેષતાઓ આ વેબસાઇટમાં ઉપલબ્ધ બનાવવામાં આવી છે. સાથો સાથ સરકારની સંબંધિત પોલિસી, આંતરમાળખાકીય સુવિધાઓ, આર્થિક અને ઔદ્યોગિક સર્વેક્ષણ વગેરે બાબતોને પણ સાંકળી લેવાઇ છે. મુખ્યપ્રધાને આ વેબસાઇટ લોન્ચ કરી તે વેળાએ ઇડીઆઇના ડાયરેક્ટર શ્રી સુનિલ શુક્લા તથા મુખ્યપ્રધાનના સચિવશ્રી અજય ભાદૂ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.